જિનશાસનના શણગાર, પૂજ્ય સંયમી, ગીતાર્થ, વિદ્વાન ગુરુભગવંતોના ચરણોમાં કોટિશઃ વંદનાવલી.. જિનાજ્ઞા સમારાધક શ્રેષ્ઠિવર્યશ્રી / પંડિતવર્યશ્રી આદિને પ્રણામ...

જિનશાસનમાં ઉપજ અને ખર્ચ માટે સાત ક્ષેત્રની વ્યવસ્થા ગોઠવવામાં છે. તે ખર્ચની પૂર્તિ માટે પૂર્વાચાર્યો દ્વારા વિવિધ ક્ષેત્રની ઉપજ, ચઢાવા કે ટીપ દ્વારા કરવા માટેની વ્યવસ્થા માટેનું નિરૂપણ પણ કરવામાં આવ્યું છે. અને તેને અનુલક્ષીને સંઘોના ટ્રસ્ટીઓ વહીવટકર્તાઓ દ્વારા જે તે ક્ષેત્રના ખર્ચ માટે પર્યુષણ દરમ્યાન ચઢાવો અને ટીપ કરવામાં આવે છે. અને સામાન્ય રીતે પોતાના સંઘમાં વિવિધ પ્રવૃતિઓના ખર્ચ માટે હોય છે. પાઠશાળા, સાધર્મિક સાધારણ કે આયંબીલ ખાતાની ટીપમાં લોકો પોતાના સંઘમાં થતા શુભકાર્યોમાં પોતાનું અનુદાન આપતા હોય છે. જ્યારે જીવદયાના કર્તવ્યરૂપે તેમાં રકમ લખાવીને પુણ્ય ઉપાર્જન માટે ઉદારતા પૂર્વક લાભ લેતા હોય છે.

પોતાને ત્યાં ચાતુર્માસ કે અનુષ્ઠાનમાં નિશ્રા આપનાર પૂજ્ય ગુરુભગવંતોના શેષકાળના તેમની નિશ્રામાં યોજાતા પ્રસંગોમાં શ્રીસંઘના મોભીઓ-ટ્રસ્ટીઓ હાજરી આપીને ગુરુ પ્રત્યે ઋણમુક્તિ વ્યક્ત કરતા હોય છે. આવા દીક્ષા પ્રસંગો પ્રતિષ્ઠા મહોત્સવો વગેરેમાં પ્રસંગ વખતે સામુહિક જીવદયાની ટીપ થતી હોય છે. ત્યારે સંઘના વ્યવસ્થાપકો દ્વારા શ્રીસંઘના નામે સંઘપૂજન કે જીવદયાની ટીપ લખાવીને પોતાની હાજરીની નોંધ પૂરાવતા હોય છે. પરંતુ જે રકમ સંઘના સભ્યોએ ટીપમાં શ્રીસંઘના ખર્ચ માટે આપી હોય તે રકમ રાખી મૂકીને આવા અનુષ્ઠાનમાં જાહેરમાં સારૂં લગાડવા માટે લખાવવી કેટલી વ્યાજબી છે ? અને આવી જ રીતે જે સંઘમાં અનુષ્ઠાન નિમિત્તે લોકોએ કે સંઘ દ્વારા મળેલ ટીપની રકમ બીજે ક્યાંય તેઓ દ્વારા લખાવવા માટે રાખી મુકવી કેટલે અંશે યોગ્ય છે ? આ રીતે તો એકની એક રકમ વપરાયા વિના તેની માલિકીનો જ વિનિમય થાય છે. પરંતુ ખરેખર કેટલી વપરાય છે તે સવાલ છે.?

પૂજ્ય ગુરુભગવંતોના કાળધર્મ નિમિત્તે પણ જીવદયાની રકમની ટીપ કરવામાં આવે છે. તેમાં તેઓની ઉંમર કે દીક્ષા પર્યાયના આંકડા મુજબ રકમ ઘણા ભક્તો અર્પણ કરીને લાભ લેતા હોય છે. પરંતુ આવા પ્રસંગોમાં શ્રીસંઘ દ્વારા તેમના સંઘ તરફથી પણ જાહેરાત થતી હોય છે. એન તેના લીધે ઘણા બધા સંઘો પોતાના ત્યાં થતી જીવદયાની ટીપની રકમ સ્પેરમાં રાખતા હોય છે. જે કેટલુ વ્યાજબી છે ? મુંગા ઢોર પશુઓ માટેની જીવદયાની ટીપની રકમ તુરત જ વાપરવાના બદલે ભવિષ્યમાં થનાર અનુષ્ઠાન કે કાળધર્મ પ્રસંગે જાહેરમાં બોલવા માટે મુકી રાખવી યોગ્ય લાગતુ નથી. અને ક્યારેક તો કાળધર્મ પ્રસંગે સંઘ દ્વારા ચઢાવો પણ બોલવામાં આવે છે. જેમાં સંઘ દ્વારા ગરદ્રવ્ય કે વૈયાવચ્ચની વણવપરાયેલી રકમ દ્વારા ચઢાવો બોલીને લાભ લેવામાં આવે છે. જે ખૂબ જ વિચારણીય છે. એક વખત ચઢાવાથી મળેલ રકમનો ફરીથી ચઢાવો બોલવા માટે કે જાહેરમાં ટીપ લખાવવી યોગ્ય નથી. મળેલ દાન સત્કાર્યના ખર્ચ માટે હોય છે. વ્યકિતગત પુણ્યાત્માએ ટીપ કે ચઢાવા દ્વારા સંપતિ અર્પણ કરે છે. તે જ દાનનો સંગ્રહ સંઘ દ્વારા કરીને સંપત્તિની મુર્છા-રાગ વધારવો વ્યાજબી નથી.

લી. સકળશ્રી સંઘ ચરણસેવક
શ્રી બાબુલાલ સરેમલ બેડાવાલા

" दासोऽहं सर्व साधूनाम् "

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૧

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | સમાધાન યાત્રા-૧, ૨ | આ. જયઘોષસૂરિજી | હિં | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨ | મહાવીર ચરિત્ર(સચિત્ર) | આ. જયસુંદસૂરિજી | હિં/ગુ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૩ | હેમાંજલી-૨ (૧૦૮ સુવિચાર ગ્રંથ) | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૪ | ગુરુ ભક્તિ | પૂ. રત્નબોધિવિજયજી | ગુજ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૫ | સુખનું સરનામું | આ. વિજયરાજરત્નસૂરિજી | ગુજ | શ્રી ધર્મ કૃપા ટ્રસ્ટ |
| ૬ | સુખના સુરજમુખી | આ. વિજયરાજરત્નસૂરિજી | ગુજ | શ્રી ધર્મ કૃપા ટ્રસ્ટ |
| ૭ | સફર પૂર્વના જન્મોકા-૧, ૨ | ગણિ હિતવર્ધનવિજયજી | હિં | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૮ | દુનિયાનું દર્પણ-૨ | પં. રાજહંસવિજયજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૯ | જિનાગમ-મુક્તિની સરગમ | પં. રાજહંસવિજયજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૧૦ | સત્યપુર કા ઇતિહાસ | પં. રાજહંસવિજયજી | હિં | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૧૧ | શિબિર કા રાસ્તા | પં. રાજહંસવિજયજી | હિં | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૧૨ | ચલિયે સમજે મોક્ષ કા સત્ય સ્વરૂપ | પં. અરિહંતસાગરજી | હિં | ગીતાર્થ ગંગા |
| ૧૩ | ચરિત્રાચાર | પં. અરિહંતસાગરજી | હિં | ગીતાર્થ ગંગા |
| ૧૪ | ભાગવતી પ્રવજ્યા પરિચય | પં. અરિહંતસાગરજી | હિં | ગીતાર્થ ગંગા |
| ૧૫ | મધ્યસ્થ ભાવ | પૂ. કેવલ્યજિતવિજયજી | ગુજ | ગીતાર્થ ગંગા |
| ૧૬ | ઉપદેશ માળા - ૧, ૨, ૩ | પં. પ્રવિણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા |
| ૧૭ | ઉપમિતિ ભવ પ્રપંચ કથા-૪, ૫, ૬ | પં. પ્રવિણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા |
| ૧૮ | ધ્યાન શતક | પં. પ્રવિણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા |
| ૧૯ | પંચાશક પ્રકરણ-૧ | પં. પ્રવિણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા |
| ૨૦ | વૈરાગ્ય કલ્પલત્તા ભાગ-૨, ૩ | પં. પ્રવિણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા |
| ૨૧ | પ્રશમરતિ પ્રકરણ | પં. પ્રવિણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા |
| ૨૨ | સફળ થવું છે | પ્રિયમ | ગુજ | નવભારત સાહિત્ય મંદિર |
| ૨૩ | ધ્યાન એક પરિશીલન | સુનંદાબેન વોહોરા | ગુજ | દિપકભાઇ અને ધર્મીબેન |
| ૨૪ | અશુભ ભાવના તોફાન | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૫ | પ્રભુ દર્શનની ખાણ | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૬ | પ્રભુગુણ પ્યાસા મતવાલા | પૂ. કલ્પરત્નવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૭ | ગચ્છાચાર પયન્ના ભા-૧, ૨ | પૂ. યશરત્નવિજયજી | સં | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૨૮ | ગચ્છાચાર પયન્ના ભા-૧, ૨ (વિશદવિવરણાદિ યુક્ત) | પૂ. યશરત્નવિજયજી | સં | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૩૦ | ગચ્છાચાર પયન્ના (લઘુવૃત્તિ + અવચૂરિ યુક્ત) | પૂ. યશરત્નવિજયજી | ગુજ | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૩૧ | ગુણ સ્થાનક ક્રમારોહ | પૂ. યશરત્નવિજયજી | ગુજ | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૩૨ | ગુરુતત્વ સિધ્ધિ | પૂ. યશરત્નવિજયજી | ગુજ | જિનગુણ આરાધક ટ્રસ્ટ |

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૧

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૩ | શ્રાવકાચાર પ્રવચન ભા-૧, ૨ | આ.રત્નસેનસૂરિજી | हिं | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૩૪ | એરપોર્ટ | આ.અજિતશેખરસૂરિજી | ગુજ | અર્હમઆરાધક ટ્રસ્ટ |
| ૩૫ | ખજાનો કથાનો ઉત્તર મજાનો | આ.અજિતશેખરસૂરિજી | ગુજ | અર્હમઆરાધક ટ્રસ્ટ |
| ૩૬ | પઉમચરિયમ્ ભાવાનુવાદ | ઉપા.રત્નત્રયવિજયજી | ગુજ | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૩૭ | રત્નસંચય ભાગ-૫,૬ | ઉપા.રત્નત્રયવિજયજી | ગુજ | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૩૮ | રત્નસંચય ભાગ-૫,૬ | ઉપા.રત્નત્રયવિજયજી | हिं | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૩૯ | પરમાત્મા કી સ્તુતિ | ઉપા.રત્નત્રયવિજયજી | हिं | રંજનવિજયજી પુસ્તકાલય |
| | જિનસહસ્ત્ર નામસ્તોત્ર | ------------------- | — | ------------------- |
| ૪૦ | શત્રુંજય તીર્થ કી ભાવયાત્રા | ઉપા.રત્નત્રયવિજયજી | हिं | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૪૧ | વાત્સલ્ય | પૂ.ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન |
| ૪૨ | અમરસેન-જયસેન રાસ | સા.ધૈર્યરસાશ્રીજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૪૩ | અને અજાપુત્ર રાસ | | | |
| | કલ્યાણ મંદિર સ્તોત્ર | ગુણવંતભાઇ બારવાળીયા | ગુજ | પ્રાણગુરુ ફાઉન્ડેશન |
| ૪૪ | જ્ઞાનધારા-૧૩ | ગુણવંતભાઇ બારવાળીયા | ગુજ | એન્ડ સ્પિરિચ્યુઅલ સેન્ટર |
| ૪૫ | શાંત સુધારસ | આ.શીલચંદ્રસૂરિજી | ગુજ | કીરીટ ગ્રાફીક્સ |
| ૪૬ | સમયદર્શી આચાર્ય | આ.ધર્મધુરંધરસૂરિજી | हिं | જૈન વિદ્યા શોધ સંશોધન |
| ૪૭ | સેતુબંધ-અંક-૧ | ------------------- | સં | જિન ગુણ આરાધક ટ્રસ્ટ |

### -: અગત્યનો સુધારો :-

અહો ! શ્રુતજ્ઞાનમ્-૩૩ માં નૂતન પ્રકાશનમાં પૂ.આ.શ્રી ચંદ્રગુપ્તસૂરિજી દ્વારા સંપાદિત ત્રિશષ્ટિશલાકા પુરુષ ભાગ ૧ થી ૬ ની વિગત આપી હતી. તેમાં ભાષામાં ભૂલથી ગુજરાતી પ્રિન્ટ થયેલ છે. જ્યારે આ છ ભાગ C સાઇઝમાં પુસ્તક રૂપે સંસ્કૃત છે. અને આનું ગુજરાતી પ્રકાશન પહેલા ભાવનગર થી અને તે પછી જૈન પ્રકાશન દ્વારા થયેલ છે જે છેલ્લા ત્રણ વર્ષથી ઉપલબ્ધ નથી. પ્રકાશન કરતી સંસ્થાઓને વિનંતી છે કે અભ્યાસ માટે ત્રેસઠ શલાકા પુરુષોના આ ચરિત્રો ખૂબ જ ઉપયોગી હોવાથી રીપ્રિન્ટ કરવા યોગ્ય છે.

### -: બુક ફેસ્ટ - ૨૦૧૫ :-

શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ દ્વારા આયોજિત વિશાળ જ્ઞાન મેળો તા.૨૮ થી ૩૦ નવેમ્બર ૨૦૧૫ ના રોજ યોજવામાં આવેલ છે. જેમાં પ્રભુ વીર થી આજ સુધી પહોંચેલ શ્રુતધારાનો વિસ્તૃત ચિતાર આપવામાં આવેલ છે. પ્રાચીન ગ્રંથકારો અને શ્રુતપ્રેમીઓનો વિશિષ્ટ પરિચય તેમજ અદ્‌ભુત એવા જિનશાસનના ગ્રંથોનો પરિચય એક જ જગ્યાએથી મળી શકશે. જૈન પ્રકાશન સંસ્થાઓ દ્વારા તેમના દ્વારા પ્રકાશિત પુસ્તકોનું પ્રદર્શન-વેચાણ પણ રાખવામાં આવેલ છે. અદ્યતન ટેકનોલોજી અને ઓડીયો-વીડીયો માધ્યમદ્વારા સામાન્ય જનને પણ સહેલાઇથી તત્વજ્ઞાન તેમજ જૈન ધર્મનો પરિચય મેળવવા માટેનું ઉત્તમ એવું આલંબન બની રહેશે

# સરસ્વતી પુત્રોને વંદના

## આ ગ્રંથોનું સંશોધન-સંપાદન કાર્ય ચાલુ છે.

પૂ. આ. શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિજી મ. સા. તથા પૂ. આ. કલ્યાણબોધિસૂરિજી મ. સા.

(૧) પ્રવચન સારોદ્ધાર ભા-૧, ૨ સટીક

(૨) ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ-૧, ૨, ૩ શાંતિસૂરિજી ટીકા રી-પ્રિન્ટ પ્રતાકાર

પૂ. આ. શ્રી ચન્દ્રયશસૂરિજી મ. સા. (પૂ. લબ્ધિસૂરિજી સમુદાય)

(૧) કલ્યાણમંદિર ગ્રંથ - સચિત્ર, યંત્ર સહિત

પૂ. આ. શ્રી હેમપ્રભસૂરિજી મ. સા. ના શિષ્યો (પૂ. કેશરસૂરિજી સમુદાય)

(૧) કેશલુંચન - ઐતિહાસિક ગ્રંથ

પૂ. ગણિ રમ્યદર્શનવિજયજી મ. સા. (પૂ. રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) નવસ્મરણ સચિત્ર પ્રતાકાર

પૂ. તત્વપ્રભવિજયજી મ. સા. (પૂ. રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) અધ્યાત્મકલ્પદ્રુમ - બે ટીકા સાથે

અનુસંધાન પાન નં-૭ નુ ચાલુ.....

ખાસ તો આ દિવસે જ્ઞાનભંડાર સંભાળનાર-કાળજી રાખનાર વ્યક્તિને ખાસ બક્ષીસ આપવી, બહુમાન કરવું. નિસ્વાર્થ સેવાભાવીનું પણ સકળસંઘ સમક્ષ ઉચિત ઔચિત્ય-સત્કાર કરવો. જેમ ચૈત્યપરિપાટીમાં અલગ અલગ સંઘોના દેરાસરોના દર્શન કરીએ છીએ એમ જ્ઞાનપરિપાટી ગોઠવી શકાય.. જે દ્વારા જ્ઞાન પ્રત્યેનો બહુમાનભાવ ઉભો થાય. શ્રી સંઘ આજના દિવસે, પોતાને ત્યાંના જ્ઞાનદ્રવ્યને, જ્ઞાનક્ષેત્રે વિવિધ કાર્ય કરતી સંસ્થાઓને દાનરૂપે આપી જ્ઞાનભક્તિનો લાભ લે. શ્રી સંઘમાં શ્રુતાધિષ્ઠાયિકા મા સરસ્વતીની મૂર્તિ સ્થાપન કરી તેની વિશેષ આરાધનાનું આયોજન પણ આ દિવસે થઇ શકે. પાઠશાળાના બાળકોને ૪૫ આગમ, ઉપરાંત પૂ. હરિભદ્રસૂરિજી, પૂ. ઉપાધ્યાયજી મ. સા. ના ગ્રંથો પર પાંચ-પંદર વાક્યો બોલી શકે એ રીતે તૈયાર કરાય.. સકળ સંઘ જ્યારે જ્ઞાનના દર્શનાર્થે આવે ત્યારે આપણા જ બાળકો તેઓને સમજણ આપે આ દ્વારા પણ શ્રુતજ્ઞાનની વિશેષ ભક્તિ થાય. આગમ આદિ ગ્રંથોના સજાવટની કોમ્પીટીશન રખાય. શ્રુતજ્ઞાનનો વરઘોડો કાઢવો હોય (આગમ રથયાત્રા) તો, તે પણ આ દિવસે શક્ય બની શકે. પ્રાચીન શ્રુતલેખનના સાધનો હાથવણાટ કાગળ, બરુ, કલમ, ખિત્તો વગેરે સાધનો પણ પ્રદર્શન રૂપે ગોઠવી શકાય, જેથી સંઘ, આપણી પ્રાચીન પરંપરાથી અવગત થાય. આમ, અનેક રીતે અનેક ઍંગલથી જ્ઞાનપાંચમની વિવિધતાસભરની ઉજવણી કરી શકાય છે. પૂજ્ય સંયમી ગુરુભગવંતો, શ્રી સંઘના પાઠશાળાના શિક્ષકો-પંડિતો વગેરેને શક્ય આ પ્રમાણે કરાવવા નમ્ર આગ્રહભરી વિનંતી કરીએ છીએ તથા કોઇ વિશેષ આયોજન આપ કરો તો અમોને જણાવશો, જેથી પછીના અંકમાં તેની અનુમોદના કરી શકીએ અને તેથી બીજા અનેકને પણ પ્રેરણા મળે.

# નૂતન પ્રકાશિત થનાર પુસ્તકો

*શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર દ્વારા પ્રકાશિત થનાર*

પૂજ્ય ગુરુભગવંતો દ્વારા આલેખિત બાળકો માટેના અંગ્રેજી સચિત્ર પુસ્તકોનું ડીઝાઇનીંગ અને પ્રીન્ટીંગનું કાર્ય ચાલુ છે. આ પુસ્તકો મલ્ટીકલરમાં આર્ટ પેપર ઉપર આકર્ષક પ્રિન્ટીંગ સાથે ૩૨ પેજના રહેશે. ટૂંક સમયમાં પ્રકાશિત થનાર પુસ્તકોમાં રહેલ ગૌરવવંતા મહાન જૈન ચરિત્રોની યાદિ

| ક્રમ | ચારિત્ર | વિશેષતા | કર્તા /સંપાદક |
|---|---|---|---|
| ૧ | ગૌતમસ્વામી | ટ્રેઝર ઓફ ડીવાઇન પાવર્સ | પૂ. પારિજાતવિજયજી મ.સા. |
| ૨ | ચંદનબાળા | ધ ગ્રેટ પ્રિન્સેસ | પૂ. મૈત્રીભાવવિજયજી મ.સા. |
| ૩ | ઇલાચીકુમાર | એન ઇનક્રેડીબલ ડાન્સર | પૂ. વર્ધમાનરત્નવિજયજી મ.સા. |
| ૪ | મયણા | ફર્મનેસ ઇન ધ ફેઇથ | પૂ. નિર્વાણભૂષણવિજયજી મ.સા. |
| ૫ | ભદ્રબાહુસ્વામી | એ લીવીંગ લાયબ્રેરી | પૂ. નિર્વાણભૂષણવિજયજી મ.સા. |
| ૬ | જગડુશાહ | એ ડીવાઇન ડોનર | પૂ. મુક્તિપરાગવિજયજી મ.સા. |
| ૭ | અમરકુમાર | એ ફેઇથ ઇન નવકાર | પૂ. મુક્તિપરાગવિજયજી મ.સા. |
| ૮ | અભયકુમાર | ધ કીંગ ઓફ વીઝડમ | પૂ. મુક્તિપરાગવિજયજી મ.સા. |
| ૯ | ધન્નો | એ ગ્રેટ લકી મેન | પૂ. અર્હમચંદ્રસાગરજી મ.સા. |
| ૧૦ | અરહણક | સોફ્ટર ધેન બટર | પૂ. અર્હમચંદ્રસાગરજી મ.સા. |
| ૧૧ | આભડશા | ધ શોપ ઓફ વર્શીપ | પૂ. મોક્ષભૂષણવિજયજી મ.સા. |
| ૧૨ | વિમળશા | કમાન્ડર ઓફ ગુજરાત | પૂ. મોક્ષભૂષણવિજયજી મ.સા. |
| ૧૩ | સનત ચક્વર્તી | અનલકી ચક્વર્તી | પૂ. મૈત્રીભાવવિજયજી મ.સા. |
| ૧૪ | મૃગાવતી | ડીવાઇન નોલેજ | પૂ. બ્રહ્મહેમદર્શનવિજયજી મ.સા. |
| ૧૫ | શાલીભદ્ર | વન્ડરફુલ વેલ્થ | સા. જીતેન્દ્રશ્રીજી ના શિષ્યા |
| ૧૬ | સ્થૂલીભદ્ર | કીંગ ઓફ સેલીબસી | સા. નમ્રગીરાશ્રીજી |
| ૧૭ | જંબુસ્વામી | ધ લાસ્ટ લીબ્રેરેડ | સા. નમ્રગીરાશ્રીજી |
| ૧૮ | ધનપાલ | ધ ગ્રેટ પોએટ | સા. નમ્રગીરાશ્રીજી |
| ૧૯ | કયવન્ના શેઠ | ધ ગ્રેટ ફોરચ્યુનર | સા. નમ્રગીરાશ્રીજી |
| ૨૦ | કલાવતી | ધ ફેન્ટસી ઓફ સેલીબસી | સા. હર્ષિતરેખાશ્રીજી ના શિષ્યા |
| ૨૧ | દમયંતી | બ્રેવ એન્ડ બોલ્ડ | સા. હર્ષિતરેખાશ્રીજી ના શિષ્યા |
| ૨૨ | સુલસા | એ રીયલ શ્રાવિકા | સા. હર્ષિતરેખાશ્રીજી ના શિષ્યા |
| ૨૩ | કુમારપાલ | એ પરમાર્હત શ્રાવક | સા. સિધ્ધપૂર્ણાશ્રીજી |
| ૨૪ | ખંધક મુનિ | ધ રીયલ પેશન્સ | સા. મુક્તપૂર્ણાશ્રીજી |
| ૨૫ | દ્રૌપદી | એ રીયલ સતી | સા. સિધ્ધિશ્રેયાશ્રીજી |

દરેક પુસ્તકમાં એક બે અથવા તો ત્રણ ચરિત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે. અને તેની પડતર કિંમત ૭૦ રૂપિયા રહેશે. પાઠશાળા કે ધાર્મિક પ્રસંગોમાં પ્રભાવના માટે આકર્ષક વળતર આપવામાં આવશે. મર્યાદિત નકલો હોવાથી અગાઉથી બુકીંગ કરાવવા વિનંતી છે.

# જ્ઞાન પાંચમ શી રીતે ઉજવી શકાય ?

જ્ઞાન પાંચમ હવે નજીકમાં જ છે, એ અવસરે તેની ઉજવણી બાબત કંઇક વિચારીએ.. નવો અભિગમ પણ અપનાવીએ.

સામાન્યથી એ દિવસે શ્રીસંઘોમાં એક કે વધુ આગમાદિ ગ્રંથોનું પ્રદર્શન કરાય છે. અર્થાત બહુમાનપૂર્વક ગોઠવવામાં આવે છે. લોકો આવી ત્યાં રહેલ વાસક્ષેપ દ્વારા એનું પૂજન કરે છે. નોટ-પેન-પેન્સીલ-રબર-છુટા કાગળીયા વગેરે જ્ઞાનના ઉપકરણો ત્યાં ભક્તિ-બહુમાનસ્વરૂપે રાખે છે. જ્ઞાન પાંચમી દિન પૂર્ણ થતાં બધા ગ્રંથો પેક કરીને ભંડારમાં યોગ્ય સ્થાને મૂકી દેવાય છે. કાગળીયા-નોટ-પેન-રબર-પેન્સીલ વગેર ઉપાશ્રયના એક કબાટમાં મૂકી રખાય. ક્યારેક કોઇક મહાત્માને જરૂર હોય તો એમાંથી લાભ લેવાય છે અથવા તો છેલ્લે એનો નિકાલ કરી જ્ઞાનદ્રવ્યના રૂપિયા ઉભા કરી દેવાય છે.

જ્ઞાન પાંચમ એક મહત્વના પર્વ સ્વરૂપે પરાપૂર્વથી પ્રચલનમાં છે. પાંચ વરસ અને પાંચ મહિના તેની આરાધના હોય છે. આ જ્ઞાન પાંચમના દિવસથી તેની શરૂઆત કરી શકાય છે. તેમાં દર સુદ પાંચમે જ્ઞાનના એકાવન ખમાસમણા, કાઉસગ્ગ, સાથીયા, પ્રદક્ષિણા તથા ૨૦ નવકારવાળી ગણવાની હોય છે. ત્રણ ટાઇમ દેવવંદન, ઉભયટંક પ્રતિક્રમણ વગેર તો ખરું જ... અહીં વિચારણા એ કરવી છે કે જ્ઞાનની ઉપરોક્ત આરાધના તો છે જ, પણ એ દિવસે આ રીતે જ્ઞાનનું પૂજન વિગેરે શી રીતે શરૂ થવું ? અલબત્ત, આ દિવસે જ્ઞાનનું પૂજન યુક્તિયુક્ત ઉપાદેય જ છે. પણ એ શરૂ થવાના કેટલાક કારણો આ પ્રમાણે જાણી શકાય.

૧૩-૧૪ સદી પછીથી જ્યારે ગ્રંથો લખવાનું પ્રમાણ અનેકગણું વધ્યું. એ માટે લેખન સામગ્રી રૂપે તત્કાલીન હાથવણાટના કાગળ, બરુ, કલમ વગેરેની જરૂરિયાતના ઉપાય રૂપે જ્ઞાનનું લેખનનું મહત્વ શ્રીસંઘમાં સવિશેષરૂપે પ્રસ્થાપિત થયું.. અને તેના જ પરિણામે આપણને આજે પણ સમૃદ્ધ શ્રુતવારસો મળી રહે છે.

જો કે આજના યુગમાં તો શ્રુતલેખન પર ભાર મૂકવો એ ઘણી મોટી ગંભીર ગેરસમજ જ ગણાશે.. જે તે કાળે, જે તે પરિસ્થિતિઓ બદલાતાં, કાર્ય-અકાર્યના ધારા ધોરણો બદલાતા જાય છે. એમાં જડતા કામ લાગતી નથી. આજના કાળે શ્રુતલેખનનો આગ્રહ રાખતાં કેવા અનિષ્ટો સર્જાય છે, સર્જાઇ શકે છે. એની વિસ્તારથી વિચારણા અમારા ગત વર્ષના અહો! શ્રુતજ્ઞાનમ્ ના અંકો પરથી જાણી શકાય છે. જે અમારી વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે. તથા અમારી પાસેથી પણ તે મળી શકશે. જેઓને જોવા-જાણવાની ઉત્સુક્તા હોય અને સત્ય તથ્ય સમજવું હોય તો અમારો સંપર્ક કરી શકો છે. અહીં આ વાતનો ખુલાસો એટલા માટે કે, હાલ કેટલાક સંઘોમાં જ્ઞાનપૂજનમાં હસ્તલિખિત માટેના કાગળ, કલમ વગેરે મૂકાવવાની પ્રવૃતિ શરૂ થઇ છે, પણ હસ્તલેખન જ જ્યારે વિચારણીય છે, ત્યારે આને પ્રોત્સાહન આપવાની શી જરૂર ?

આપણે મૂળ મુદ્દે વિચારીએ તો, જ્ઞાનપંચમીની વર્તમાન જ્ઞાનપૂજનની પરંપરાના મૂળમાં આપણે જવું છે. પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો જ્ઞાનભંડારમાં સચવાયેલા હોય..કેટલાક મુખ્ય જ્ઞાનભંડારો વધુ વપરાશમાં હોય, જ્યારે બાકીના ભંડારોમાં તો વર્ષ દરમ્યાન જાળા-બાવા-ધૂળ વગેર લાગી ગયા હોય.. આવા પર્વના મહત્વના દિવસના અનુસંધાનમાં દિવાળીના દિવસોમાં ગૃહસ્થો જેમ આખા ઘરની સાફ-સફાઇ કરી વ્યવસ્થિત ચોકખુ કરે છે એમ, સકળ શ્રી સંઘે ભેગા મળીને જ્ઞાનભંડારની હસ્તપ્રતો-દાબડાઓની શુદ્ધિ કરવાની હોય છે. જેને ભેજ વગેરે લાગ્યા હોય તેને આસોના ભારે તડકામાં સૂકવી દેવાના હોય,

# જ્ઞાન પાંચમ શી રીતે ઉજવી શકાય ?

ઉધઇ-જીવાત વિગેરે ન થાય એ માટે તમાકુ-ઘોડાવજની પોટલીઓ બનાવી મૂકવાની હોય.. જૂની પોટલીઓ બદલી નવી કરવાની હોય, ધૂળીયા જ્ઞાનભંડારોને વળી પાછો સાફ-સફાઇથી ચકચકાટ કરવાનો હોય છે.

અસ્તવ્યસ્ત થયેલ પુસ્તક-પ્રતોને વ્યવસ્થિત કરવાના હોય અને નવા આવેલ પુસ્તક-પ્રતોને ભંડારમાં જમા લેવાના હોય. જે પુસ્તકો ખૂટતા હોય તેની મેળવણી કરવાની હોય, ફાટેલા-ફાટતા મહત્વના પુસ્તકોને સાંધીને બાઇન્ડીંગ કરીને જાળવવાના હોય અને સાવ નકામા કે વધારાના પુસ્તકોનો નિકાલ કરવાનો હોય છે.

જ્ઞાનપાંચમ આવતા પૂર્વે સમજુ-વિવેકી શ્રાવક સંઘ, આ પ્રમાણે જ્ઞાનભંડારની કાળજી કરે અને પાંચમના દિવસે ભાવથી શ્રુતજ્ઞાનને પૂજે. એ દિવસે જિન શાસનના મૂળ શ્રુતજ્ઞાન રૂપ ૪૫ આગમને ભંડારમાંથી કાઢી, સરસ રીતે તેને સજાવી સકળ સંઘના દર્શનાર્થે રાખે, એ સિવાય પોતાના ભંડારમાં કોઇ વિશિષ્ટ હસ્તલિખિત પ્રિન્ટેડ ગ્રંથ વિગેરે હોય તો તેને પણ શ્રીસંઘના દર્શનાર્થે રાખે, સકળ શ્રીસંઘ તેને પૂજી જ્ઞાનની ભક્તિ કરે.

આમ પ્રાચીન અર્વાચીન શ્રીસંઘના જ્ઞાનભંડારને વ્યવસ્થિત કરવાના આશયથી શરૂ થયેલ જ્ઞાનપૂજા, માત્ર જ્ઞાનપૂજામાં જ સીમિત થઇ ગઇ, જે વિચારણીય ગણાય. પર્વની ઉજવણીના મૂળભૂત હાર્દને સમજીને, પૂજ્ય ગુરુભગવંતોની પ્રેરણાથી સકળ શ્રીસંઘે, પોતાના ઘરની શુદ્ધિ માટેનો જે પ્રયત્ન હોય છે તેથી પણ અધિક પ્રયત્ને, જ્ઞાનભંડારની આગળ દર્શાવેલ શુદ્ધિ તથા તેને વ્યવસ્થિત અને સમૃદ્ધ કરવાનો પ્રયત્ન આ દિવસે કરવો જોઇએ.

તદુપરાંત, આ દિવસે શ્રી સંઘનો જ્ઞાન પ્રત્યેનો પૂજ્યભાવ, ભક્તિભાવ પ્રગટ વ્યક્ત થાય એ માટેના આયોજનો પણ વિચારવા જોઇએ.

જ્યાં જ્ઞાનપૂજનની વ્યવસ્થા હોય ત્યાં જ, શ્રાવકયોગ્ય વિવિધ વિષયના ગ્રંથો રાખવા જોઇએ તથા જ્ઞાનપૂજન કરવા આવનાર ત્યાં બેસી કમ સે કમ ૧૦-૧૫ મીનીટ પણ શ્રુતજ્ઞાન-વાંચનનો રસ-રુચિ કેળવે, એવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ, શ્રી સંઘને પ્રેરણા આપવી જોઇએ.

જ્ઞાનપૂજન કરવા આવનાર એકાદ ગાથા-સ્તુતિ-થોય-સ્તવન વિગેરે કાંઇ પણ નવું, એ દિવસે ગોખે એનો પણ પ્રયત્ન કરાય, તેનું બહુમાન રાખી શકાય. પાઠશાળામાં એ દિવસે સૌથી વધુ ગાથા ગોખવાની કોમ્પીટીશન રાખી શકાય. ૪૫ આગમના નામ કોઇને આવડતા હોતા નથી એ ગોખનારને ઇનામ વિતરણ વગેરે જેવું કરાય. માત્ર આવીને એક આંટો મારીને જ્ઞાનપૂજન કરીને વ્યક્તિ જતો રહે, એ કરતાં અહીં આવીને કંઇક પામીને જાય એ પ્રકારનો પ્રયત્ન કરવો જોઇએ. એ માટે.. શ્રુતજ્ઞાન ક્ષેત્રે વિશિષ્ટ કાર્ય કરનારા પ્રભાવક આચાર્ય ભગવંતો, જૈનશાસનના વિશિષ્ટ ગ્રંથો, શ્રુતજ્ઞાનનું મહાત્મય, શ્રુતજ્ઞાનના ભેદો, શ્રાવકોને ભણવા યોગ્ય વિવિધ ગ્રંથોના નામ તથા તેનો પરિચય, વર્તમાન કાળે થતા શ્રુતજ્ઞાનના વિશિષ્ટ કાર્ય વગેરેથી શ્રીસંઘને અવગત કરી શકાય. કોઇ એક ભક્તિવંત સંસ્થા કે વ્યક્તિ પૂજ્ય યોગ્ય ગીતાર્થ ગુરુ ભગવંતના માર્ગદર્શન મુજબ આવા વિશિષ્ટ બેનરોની મેટર તૈયાર કરી જે સંઘોને જોઇએ તેને ઇમેઇલ દ્વારા મોકલી આપે તો એ દ્વારા ઉત્સાહી દરેક સંઘો, પોતાને ત્યાં આ રીતે શ્રુતજ્ઞાનનું સુંદર કાર્ય કરી શકે.. અને શ્રુતજ્ઞાનની વ્યાપક ભક્તિનો લાભ મળે.

અનુસંધાન પાન નં-૪ ઉપર

# ધ રીયલ યુનીવર્સ :- સર્વજ્ઞ કથિત બ્રહ્માંડ

દીક્ષાદાનેશ્વરી પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી મ. સા. તથા પૂ. આ. શ્રી રશ્મિરત્નસૂરિજી મ. સા. ના શિષ્ય પૂ. હીરરત્નવિજયજીની પ્રેરણા અને માર્ગદર્શનથી તેઓના શિષ્ય શ્રી ચારિત્રર્તનવિજયજી મ. સા. દ્વારા અથાગ મહેનત અને પરિશ્રમદ્વારા જૈન ભૂગોળના સર્વાંગી પરિચય આપતો ગ્રંથ હિન્દીમાં અનેક બહુરંગી ચિત્રો સહિત તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં તિર્થંકર ભગવંતો દ્વારા પ્રરૂપણા કરેલ વિશ્વ અને ત્રણ લોકનું વિસ્તૃત વર્ણન છે. આગમ અને પ્રકરણ ગ્રંથોના દોહન કરીને ૨૦૦ લેખોની સાથે ૪૦૦ બહુરંગી ચિત્રો સાથે તેમજ તારાતંબોળ જેવી પ્રાચીન નગરીઓના વર્ણન દ્વારા પાંચ ભાગમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. આવો જૈન ખગોળ ભૂગોળના અદ્‌ભુત ગ્રંથનું ભારતના જુદા જુદા શહેરોમાં આવેલ ૨૦૦ સંઘમાં આચાર્ય ભગવંતોની નિશ્રામાં આસો સુદ પાંચમના રોજ વિમોચન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં શ્રી ઓસવાલ ભવન-શાહીબાગ ખાતે દીક્ષાદાનેશ્વરી પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી મ. સા. તથા પૂ. આ. શ્રી રશ્મિરત્નસૂરિજી મ. સા. ની નિશ્રામાં વિદ્વાનો, પંડિતો, સાયન્ટીસ્ટો, શ્રેષ્ઠીઓની હાજરીમાં વિશિષ્ટ વિમોચન સમારોહ યોજવામાં આવેલ. જેમાં પડિતવર્ય ડૉ. જીતેન્દ્રભાઇ શાહ, પદ્મશ્રી ડૉ, કુમારપાળભાઇ દેસાઇ, ઇસરોના સાયન્ટીસ્ટ શ્રી સુરેન્દ્રભાઇ પોખરાણા, પંડિતશ્રી ભાવેશભાઇ, શા. બાબુલાલ સરેમલ તેમજ ગુજરાત રાજય માહિતી કમીશ્નર શ્રી એસ. બી. રાવલ સાહેબ વિગેરે મહાનુભાવ હાજર રહેલ.

---

શ્રુત વધામણા :- શ્રી ગીરધરનગર જૈન સંઘના ઉપક્રમે શાશ્વતી નવપદની ઓળીમાં જ્ઞાનપદના દિવસે રવિવાર તા. ૨૫-૧૦-૨૦૧૫ના રોજ શ્રુત વધામણાનો સુંદર પ્રસંગ ઉજવાયો, જેમાં દીક્ષાદાનેશ્વરી પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી મ. સા. તથા પૂ. આ. શ્રી રશ્મિરત્નસૂરિજીની નિશ્રામાં તેઓના પ્રશિષ્ય પૂ. મુનિરાજ શ્રી યશરત્નવિજયજી મ. સા. સંપાદિત સાત ગ્રંથોનું વિમોચન કરવામાં આવેલ, તેમજ શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયનું સર્વ પ્રથમસંસ્કૃત ત્રિમાસિક સેતુબંધના પહેલા અંકનું પણ વિમોચન થયેલ છે. તેમાં પ્રાચીન તથા અર્વાચિન સંસ્કૃત કૃતિઓનું સંપાદન કરીને બહુરંગી ચિત્ર સાથે આકર્ષક ડીઝાઇનમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

**અનુમોદના સહ અભીનંદન**

**આગમી અંક સં-૨૦૭૨ અષાઢ સુદ-૫ ના રોજ પ્રકાશશિત થશે.**

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org